જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૧/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૬/૧૬**

## બનાવટી પોલીસના સ્વાંગમાં સ્ત્રીઓનો ઉપયોગ કરી પુરુષોને ફસાવી તેમની પાસેથી બળજબરીથી ધાક ધમકી આપી પૈસા પડાવી લેવાના ગુન્હાઓ શોધી ચાર ઈસમોને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ”

અમદાવાદ શહેર વિસ્તારમાં બનાવટી પોલીસના સ્વાંગમાં કેટલીક ટોળકી સ્ત્રીઓનો ઉપયોગ કરી પુરુષોને ફસાવી તેમની પાસેથી બળજબરીથી ધાક ધમકી આપી પૈસા પડાવી લેવાના બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એન.ઝાલા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.પી.કરેણ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે આવી ટોળકીઓની તપાસમાં હતા દરમ્યાન હકીકત મળેલ કે “અગાઉ ડુપ્લીકેટ પોલીસમાં પકડાયેલ અને ડુપ્લીટેક પોલીસ બની ઉમર લાયક પુરૂષોને યેન કેન પ્રકારના ગુન્હામાં પુરી દેવાની ધમકી આપી કબ્જાવાળા મકાનમાં બળજબરી પુર્વક લઇ જઇ ત્યાં પુરૂષ ના સ્ત્રી સાથે ફોટો પાડી બળાત્કારના ગુન્હામાં પુરી દેવાની ધમકી આપી પોલીસ કેસ નહી કરાવા માંડવાળ રૂપે બળજબરી પુર્વક નાણાં તેમજ કોઇ કિંમતી ચીજ વસ્તુ પડાવી લેતી ટોળકીના સાગરીતો તેઓની સ્ત્રી સાગરીત સાથે કાર નંબર જી.જે.૦૧-એચ.એમ.-૮૬૭૦ માં નરોડા-નારોલ હાઇવે પર અન્ય ગુન્હાને અંજામ આપવા ફરી રહેલ છે” જે બાતમી હકીકત આધારે રબારી કોલોની ચાર રસ્તા આગળ બાતમી નંબર વાળી કાર નંબર જી.જે.૦૧-એચ.એમ.-૮૬૭૦ સાથે (૧) કેયુર એસ/ઓ કાન્તીલાલ શાહ ઉ.વ.૨૭ રહે.બી/૨૦૨, ગોલ્ડ ક્રોસ રેસીડન્સી પાંજરાપોળ રામોલ અમદાવાદ (૨) રમેશ એસ/ઓ ઉદાજી ડાભી ઉ.વ.૪૯ રહે.૧૧ પ્રમુખ પાર્ક સોસા. ગેરતપુર રેલ્વે સ્ટેશન પાસે ગેરતપુર અમદાવાદ (૩) જીતેન્દ્ર ઉર્ફે જીતુ એસ/ઓ કાન્તીલાલ બ્રહ્મભટ્ટ ઉ.વ.૪૦ રહે.૫૦,નંદનવન સોસા.ગેરતપુર રેલ્વે સ્ટેશન પાસે ગેરતપુર અમદાવાદ (૪) એક મહિલા ને રોકી લઈ તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ તાજેતરમાં રામોલ સી.ટી.એમ.પાસેથી એક ઉમર લાયક ઈસમને આવા ખોટા પોલીસ બનીને રૂપિયા કઢાવી લીધેલાની હકીકત કબુલ કરેલ છે અને જે બાબતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ થયેલ છે,

## આરોપીઓનો ગુનાહીત ઈતિહાસ

(૧) કેયુર એસ/ઓ કાન્તીલાલ શાહ નો સાબરમતી, નડીઆદ, ચાંદખેડા, મહેસાણા, ગાંધીનગર ખાતે બનાવટી પોલીસના ગુન્હામાં પકડાયેલ છે, નં (૨) રમેશ એસ/ઓ ઉદાજી ડાભી નો બનાવટી પોલીસના અગાઉ નવરંગપુરા, તથા ક્રાઈમ બ્રાન્ચમાં બનાવટી પોલીસના ગુન્હામાં પકડાયેલ છે,



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>રીઢા વાહન ચોરને પકડી પાડી ત્રણ વાહનો કબ્જે કરતી ક્રાઇમ બ્રાન્ચ.</u>

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.આઇ.મોદી નાઓની ટીમના પો.સ.ઇ.શ્રી પો.સ.ઇ.શ્રી એ.વાય.બલોચ તથા પો.સ.ઇ શ્રી જે.પી.રોજીયા નાઓ સાયબર ક્રાઇમ સેલના સ્ક્વૉડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં જે દરમ્યાન ચોક્કસ બાતમી આધારે આરોપી આરીફ બેગ @ બાબા હુસેનબેગ જાતે મોગલ ઉ.વ.૩૯ રહેવાસી: કેલીકો મીલ ની પાછળ, રામ રહીમ નો ટેકરો છાપરામા, જુની કરીયાણા સ્ટોર સામે, દાણીલીમડા શહેરનાને એક સુઝુકી એક્સેસ સાથે પકડી પાડેલ જેની સઘન પુછપરછ કરતાં તેણે આ એક્સેસ સિવાય પણ અન્ય બે ઓટોરીક્ષાઓ ચોરી કરી પોતાના ઘરે મુકી રાખેલ હોવાનુ જણાવેલ જે બે ઓટોરીક્ષા મળી આ આરોપી પાસેથી કુલ – ૩ વાહનો કિંમત રૂ.૨,૦૦,૦૦૦/- ના કબ્જે કરેલ છે.

સદરી પકડાયેલ આરીફ ઉર્ફે બાબા નો પુર્વ ઇતિહાસ જોતાં આરીફ ઉર્ફે બાબો અગાઉ કાગડાપીઠ, ગાયક્વાડ હવેલી, એલીસબ્રિજ, દાણીલીમડા, નવરંગપુરા, મણીનગર, રાણીપ, વસ્ત્રાપુર, સરખેજ, સાબરમતી વિગેરે પોલીસ સ્ટેશનમા રીક્ષાચોરી તથા લુંટના ગુનાઓમા પકડાયેલ છે તેમજ વસ્ત્રાપુર પો.સ્ટેશન મા રીક્ષા ચોરી ના ગુના મા પકડાયેલ અને ત્યાથી તેની પાસા હેઠળ અટકાયત કરી જુનાગઢ જેલ ખાતે પાસા મા મોકલી આપેલ અને જુન/૨૦૧૫, ના માસમાં પાસામાંથી છુટી આવેલ અને જેલમાંથી છુટ્યા બાદ આ આરીફે તરત જ પોતાની વાહન ચોરીઓ કરવાની પ્રવૃત્તિ ચાલુ કરી દિધેલ અને તે બાદ તે અમદાવાદ શહેરમાં ગાયકવાડ હવેલી તેમજ કારંજ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ જે કેસોમાં છુટ્યા બાદ ફરીથી આરીફ મોગલે તેની વાહન ચોરી કરવાની પ્રવૃત્તિ ચાલુ કરી મહાલક્ષ્મી પાચ રસ્તા ખાતે થી એક એક્સેસ ટુ વ્હીલર ગાડી તથા દિલ્હી દરવાજા ઘાણી પાસેથી એક સીએનજી ઓટોરીક્ષા તથા દાણિલીમડા ઢોર બજાર પાસે રીક્ષાઓના પાર્કીંગમાંથી એક સીએનજી ઓટો રીક્ષા ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે.

પકડાયેલ ઇસમે અમદાવાદ શહેરમાંથી ઉપરોક્ત મળી આવેલ ત્રણ વાહનો સિવાય અન્ય કેટલા વાહનો ચોરેલ છે અને તે ક્યાં સંતાડી રાખેલ છે તે દિશામાં ક્રાઇમ બ્રાન્ચ, તપાસ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)